# પ્રમુખ સ્થાનેથી



વ્હાલા સભાસદ ભાઈ-બહેનો,

નમસ્કાર

ચાણસ્મા પ્રગતિ મંડળ, અમદાવાદની "ડિરેક્ટરી-૨૦૧૧" (આઠમી આવૃત્તિ) વિશિષ્ટ મહાનુભવોના સાંનિધ્યમાં યોજાયેલ ડિરેક્ટરી વિમોચન સમારંભ પ્રસંગે ડિરેક્ટરી વિમોચક આદરણીય મુરબ્બી શ્રી પી. પી. પટેલના હસ્તે વિમોચન કરાવી આપની સમક્ષ રજૂ કરતાં અત્યંત આનંદ અને ગૌરવ અનુભવું છું

લગભગ ૪૪ વર્ષ અગાઉ ૧૯૬૭માં જૂજ સભ્ય સંખ્યાથી શરૂ થયેલુ આપણું મંડળ આજે એક હજાર ઉપરાંતની સભ્ય-સંખ્યા વટાવીને વટવૃક્ષ બની ચૂક્યું છે અને અવિરત પ્રગતિ કરતું રહ્યું છે.

મંડળની ઉત્તરોત્તર પ્રગતિમાં હાલના સક્રિય હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા સલાહકાર સમિતિના સભ્યો વગેરેનો ખૂબ જ સાથ-સહકાર મળ્યો છે. મંડળને ઉન્નતિની ઊંચાઈએ પહોંચાડવામાં સક્રિય અને સંનિષ્ઠ પૂર્વ પ્રમુખ શ્રી પી. પી. પટેલ, શ્રી નારણભાઈ લી. પટેલ અને શ્રી સીતારામભાઈ કે. પટેલ તેમજ સલાહકાર સમિતિના અગ્રણી શ્રી મનુભાઈ ભગુભાઈ પટેલ વગેરેનો અવિસ્મરણીય નોંધપાત્ર સહયોગ મળ્યો છે.

હાલની કારોબારીમાં ૨૦૧૧ની વિશિષ્ટ ડિરેક્ટરી બનાવવાનો નિર્ણય લેવાયો. ડિરેક્ટરી ૨૦૧૧ (આઠમી આવૃત્તિ)માં પ્રત્યેક સભાસદ-કુટુંબની તમામ વ્યક્તિઓના ફોર કલર ગ્લોસી પેપરમાં ફોટા તથા અન્ય વિગત છાપીને તૈયાર કરેલી આ યુનિક ડિરેક્ટરી કદાચ અત્યાર સુધીની સૌ પ્રથમ વિશિષ્ટ ડિરેક્ટરી હશે કે જે આપણા સૌ માટેનું કાયમી સંભારણું બની રહેશે.

મારા પ્રમુખ તરીકેના ચાર વર્ષના કાર્યકાળ દરમ્યાન અગાઉની વિવિધ પ્રવૃત્તિઓ ઉપરાંત અન્ય કેટલીક પ્રવૃત્તિઓનો ઉમેરો કરીને આપણા મંડળને અનેક પ્રવૃત્તિઓથી ધમધમતું રાખ્યું છે. વાર્ષિક ઉજાણી (સ્નેહમિલન) એ મંડળની મુખ્ય પ્રવૃત્તિ છે. ઉજાણી વખતે તેજસ્વી બાળકોને ચંદ્રક તેમજ ઈનામ વિતરણ, રમતગમત સ્પર્ધા, મનોરંજન તથા ગરબા કાર્યક્રમ વગેરેનું સુંદર આયોજન વિવિધ સ્થળોએ કરવામાં આવે છે. તદ્ઉપરાંત ધાર્મિક તથા ઐતિહાસિક સ્થળોના પ્રવાસ, મેડીકલ કેમ્પ, વ્યસન મુક્તિ જેવા જાગૃતિ કેમ્પ અને પ્રદર્શન વગેરે વિવિધ કાર્યક્રમોનું અવાર-નવાર વિવિધ સ્થળોએ આયોજન કરવામાં આવે છે.

સુંદર ડિરેક્ટરી તૈયાર કરવા માટે સમગ્ર કારોબારી અને હોદ્દેદારશ્રીઓએ ખૂબ જ જહેમત ઉઠાવી છે તેમાં મંડળના સક્રિય મંત્રી- શ્રી વિષ્ણુભાઈ પી. પટેલ તથા શ્રી હસમુખભાઈ એ. પટેલ અને ટ્રેઝરર શ્રી હર્ષદભાઈ આર. પટેલના અથાગ સહયોગને લીધે નમૂનેદાર-નયનરમ્ય "ડિરેક્ટરી"-૨૦૧૧નું સમય મર્યાદામાં સુંદર સંપાદન શક્ય બનાવી શક્યા છીએ અને આપના કર-કમલ સુધી પહોંચાડી શક્યા છીએ.

"ડિરેક્ટરી-૨૦૧૧" માટે તન-મન-ધનથી સહયોગ આપનાર મંડળના હોદ્દેદારશ્રીઓ, તમામ કારોબારી સભ્યશ્રીઓ, "વડીલ વંદના" તેમજ ઉદ્યોગ-ધંધાની જાહેરાતો આપીને આર્થિક સહયોગ આપનાર શુભેચ્છકો, તેમજ આકર્ષક પ્રિન્ટીંગથી કલરફુલ ડિરેક્ટરી છાપનાર મેસર્સ જે. કે. કોમ્યુનિકેશનના શ્રી ચિંતનભાઈ મહેતા વગેરે મહાનુભાવોનો અત્રે હૃદયપૂર્વક આભાર માનું છું.

ડિરેક્ટરીની તમામ માહિતીનું પ્રુફ રિડીંગ કરીને ક્ષતિ રહિત પ્રિન્ટીંગવાળી નમૂનેદાર ડિરેક્ટરી તૈયાર કરવામાં પ્રુફ રિડીંગનું કાળજીપૂર્વક કાર્ય મંડળના પૂર્વ પ્રમુખ શ્રી સીતારામભાઈ તથા મંત્રી શ્રી વિષ્ણુભાઈએ કર્યું છે તેમ છતાં મુદ્રણ દોષ કે માહિતી દોષ જણાય તો ક્ષમ્ય ગણી દર ગુજર કરવા વિનંતી.

આભાર સહ...

આપનો સહૃદયી

ભૂપેન્દ્રભાઈ સી. પટેલ